સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓની શૈક્ષણિક કામગીરી શિક્ષણ વિભાગ હસ્તક મૂકવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/ASC/CourtCase/17/2023/2728/K,**
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૯/૨૦૨૪

**વંચાણે લીધાં:**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૨/૧૨/૧૯૫૩ નો ઠરાવ ક્રમાંક : BCH-1653

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૮/૧૯૭૩ નો ઠરાવ ક્રમાંક : BBC-1069/37956-chh

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮નો ઠરાવ. ક્રમાંક: અમશ/૧૪૮૮/૬૬૫/ગ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૯/૧૨/૧૯૯૮નો ઠરાવ. ક્રમાંક: અમશ/૧૪૯૮/ન્યુ.ઓ.૮ (ના.સ.)/ગ

(૫) શિક્ષણ વિભાગનો તા.૦૮/૧૨/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ–૧૩૯૯–ઇએમ–૬૮–ક

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ના ભૂતપૂર્વ મુંબઇ રાજ્યના શિક્ષણ વિભાગના તા.૨૨/૧૨/૧૯૫૩ ના ઠરાવથી રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગના બાળકોમાં શિક્ષણનું સ્તર ઊચું લાવવા તેમજ અભ્યાસ અને રહેવા–જમવાની નિ:શુલ્ક સુવિધા એક જ સ્થળે મળી રહે તે માટે આશ્રમશાળા યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક(૩) ના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫/૧૧/૧૯૮૮ના ઠરાવથી આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળા યોજના અંગે સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક(૪) પરના આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૧૨/૧૯૯૮ના ઠરાવથી આશ્રમશાળાઓ મંજૂર કરવા અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો બહાર પાડવામાં આવેલ હતા.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 10-Sep-2024 (06:13 PM)

જેના પગલે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ અનુક્રમે અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અનુદાનિત આશ્રમશાળાઓ કાર્યરત છે.

૨. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ના તા.૨૩/૦૮/૧૯૭૩ ના ઠરાવથી આશ્રમશાળામાં ફરજ બજાવતા શિક્ષકોને ધારણાધિકાર (LIEN) નો લાભ આપવામાં આવતો હતો, જે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૫) ના તા.૦૮/૧૨/૧૯૯૯ ના ઠરાવથી રદ કરવામાં આવેલ. જેના અનુસંધાને ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં R/SCA No.23626/2005 with R/SCA No.9212/2010 with R/SCA No.9134/2005 દાખલ કરવામાં આવેલ. જેમાં વખતો વખત હાથ ધરવામાં આવેલ સુનાવણીઓ બાદ નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૦૬/૦૩/૨૦૨૪ ના હુકમથી સદર ખાસ દિવાની અરજી (Special Civil Application) ને જાહેર હિતની અરજી (Public Interest Litigation) માં પરિવર્તિત કરવામાં આવેલ. ઉપરોક્ત હુકમના ફકરા નં. ૨૫ માં આશ્રમશાળા યોજનાને કાયદાકીય સ્વરૂપ આપવા અને બાળકોને 'મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯' (The Right of Children to Free and Compulsory Education Act- 2009) ના મૂળભૂત હેતુઓ સિદ્ધ થઈ શકે તે હેતુસર યોગ્ય વ્યવસ્થા ગોઠવવા મુખ્ય સચિવશ્રી કક્ષાએથી એફિડેવીટ દાખલ કરવા નીચે મુજબ નિર્દેશ કરવામાં આવેલ.

"The affidavit of the Chief Secretary, Government of Gujarat shall also be filed to answer as to whether the State Government has any proposal to give statutory character to the Ashramshalas for replacing control by executive fiat to discharge its duty to achieve objects of the RTE Act, to provide free and compulsory education to children belonging to weaker sections and children belonging to disadvantaged group by providing necessary funds, so that they may not be prevented from pursuing and completing elementary education on any grounds and also receive special training within the meaning of Section 4 to Section 8 of the RTE Act, 2009."

૩. જે અન્વયે મુખ્ય સચિવશ્રી દ્વારા નામ.હાઈકોર્ટના આદેશો અન્વયે આશ્રમશાળા યોજનાના અભ્યાસ અર્થે એક સમિતિની રચના કરવાનું તથા ઉક્ત સમિતિની ભલામણોને આધીન વર્તમાન યોજનામાં જરૂરી સુધારાઓ કરવાની વિચારણા કરવાનું જણાવવામાં આવેલ. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૪ના ઠરાવથી અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 10-Sep-2024 (06:13 PM)

વિભાગની અધ્યક્ષતામાં આશ્રમશાળાઓની વર્તમાન વ્યવસ્થાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, આશ્રમશાળામાં હાલ અભ્યાસ કરતાં રાજયના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળી રહે અને તેના થકી 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯' (The Right of Children to Free and Compulsory Education Act- 2009) ના તમામ ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરી શકાય તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવવા બાબતે જરૂરી ભલામણો કરવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવેલ.

| ક્રમ | સમિતિના સભ્યો | હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અધિક મુખ્ય સચિવ (નાણા), નાણા વિભાગ | સભ્ય |
| ૩ | અગ્ર સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય |
| ૪ | સચિવ (પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૫ | કમિશનર, આદિજાતિ વિકાસ | સભ્ય સચિવ |
| ૬ | નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૭ | નિયામક, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |
| ૮ | નિયામક, પ્રાથમિક શિક્ષણ | સભ્ય |

ઉક્ત સમિતિને નીચે મુજબના કાર્યો સોંપવામાં આવેલ હતા.

(૧) આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળા યોજના હેઠળ પ્રવર્તમાન વ્યવસ્થાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો અને 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯' (The Right of Children to Free and Compulsory Education Act- 2009) ની જોગવાઈઓના અમલ માટે આશ્રમશાળા યોજનામા શું ફેરફાર કરવાની જરૂર છે તે અંગે ભલામણો કરવી.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 10-Sep-2024 (06:13 PM)

(૨) શિક્ષણ વિભાગ હસ્તકની શાળાઓમાં પ્રવર્તમાન વ્યવસ્થા/સુવિધાઓનો અભ્યાસ કરી, આ માળખાગત સુવિધાઓનો ઉપયોગ, આશ્રમશાળાની યોજનામાં 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯' (The Right of Children to Free and Compulsory Education Act- 2009)ના હેતુઓ સિધ્ધ કેવી રીતે કરી શકાય તે માટે ભલામણો કરવી.

(૩) આશ્રમશાળાની હાલની યોજનામાં ફેરફાર કરી, તેને કાયદાકીય સ્વરૂપ આપવા અંગેની ચકાસણી કરીને ભલામણ કરવી.

૪. ઉક્ત સમિતિ દ્વારા તા.૦૯/૦૫/૨૦૨૪, તા.૧૭/૦૫/૨૦૨૪, તા.૧૧/૦૬/૨૦૨૪ તથા તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજ બેઠકો યોજવામાં આવેલ. જેમાં સમિતિ દ્વારા આશ્રમશાળા યોજનાને શરૂ કરવા પાછળના મૂળભૂત હેતુથી શરૂ કરી, યોજના અંગેના વિવિધ પાસાઓ જેવા કે આશ્રમશાળા મંજૂર કરવા માટેની સંપૂર્ણ પ્રક્રિયા, બાળકોની પ્રવેશ પ્રક્રિયા, વિવિધ માળખાકીય સુવિધાઓ, શૈક્ષણિક અભ્યાસક્રમ, શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા તેઓની સેવાકીય બાબતો તેમજ 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯' (The Right of Children to Free and Compulsory Education Act- 2009) ના અમલ સંદર્ભે વિગતવાર ચર્ચા-વિચારણા કરી, વિવિધ સૂચનો/ભલામણો સહિતનો વિગતવાર અહેવાલ સરકારશ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલ. પ્રસ્તુત અહેવાલ તથા તેમાં કરવામાં આવેલ સૂચનો/ભલામણો સરકારશ્રીમાં ઉચ્ચત્તમ કક્ષાએ વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આશ્રમશાળાઓની વર્તમાન વ્યવસ્થાની સમીક્ષા માટે રચવામાં આવેલ ઉચ્ચ કક્ષાની સમિતિ દ્વારા સરકારશ્રીને કરવામાં આવેલ તમામ ભલામણોનો સ્વીકાર કરી તેનો અમલ કરવાનું તથા તે અન્વયે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧)** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળની અનુદાનિત આશ્રમશાળાઓમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી હવેથી શિક્ષણ વિભાગની રહેશે.

**(૨)** આશ્રમશાળાઓમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક રહેશે.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 10-Sep-2024 (06:13 PM)

(૩) ‘બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯’ (The Right of Children to Free and Compulsory Education Act- 2009) ની જોગવાઈઓ મુજબ આશ્રમશાળાઓમાં ખૂટતા વર્ગખંડો તેમજ જરૂરી અન્ય શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવા અંગેની કાર્યવાહી શિક્ષણ વિભાગે હાથ ધરવાની રહેશે.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં હાલમાં ફરજ બજાવતા શિક્ષકોની ભરતી તેમજ સેવાવિષયક બાબતો માટે શિક્ષણ વિભાગ દ્વારા અલાયદી સૂચનાઓ બહાર પાડવામાં આવશે.

(૫) સદરહુ ઠરાવનો અમલ તાત્કાલિક થાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનાં પરામર્શમાં રહીને સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રીની તા.૦૯/૦૯/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 10-Sep-2024 (06:13 PM)

**(ધર્મિષ્ઠા વસાવા)**
**ઉપસચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

નકલ રવાના:

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ અને શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર–૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(વિકસતી જાતિ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- નાયબ સચિવશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- પગાર અને હિસાબી અધિકારી, બ્લોક નં.૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ– વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
- સિલેકટ ફાઇલ–૨૦૨૪

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 10-Sep-2024 (06:13 PM)